જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૩/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૯૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૮૮	૦	૧૧૨૮૮	૧૭૪૧૦	૦	૧૭૪૧૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૯૮૪	૧	૨૮૯૮૫	૩૦૨૯૯	૫	૩૦૩૦૪
કુલ		૪૫૦૪૪	૧	૪૫૦૪૫	૫૪૨૧૧	૫	૫૪૨૧૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૮	૯,૪૧,૬૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૬૭	૬,૬૭,૦૦૦/-

નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન :

ઇસનપુર પોલીસ સ્ટેશનના મારામારીના તથા કારંજ પોલીસ સ્ટેશનના ગૌમાંસના ગુનામા વોન્ટેડ આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટર શ્રી કે.બી.સાંખલા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા અ.હે.કો કિશનભાઇ ભીખાભાઇ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા લોકરક્ષક પ્રસાંત મોતીલાલ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૧૦૩૪૧/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૨૪,૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાનો વોન્ટેડ આરોપી તથા કારંજ પોલીસ સ્ટેશનના ગુના નં ૧૧૧૯૧૦૨૭૨૧૦૧૩/૨૦૨૧ પ્રાણીઓની સાચવણી અંગેનો અધિનિયમ ૬(બી)૧,૫,૮ વિગેરેના ગુનામા વોન્ટેડ આરોપી ઇમરાન શફીઅહેમદ કુરેશી રહે,મ.નં ૫ મુબારક રો-હાઉસ નરસિહજીના મંદિરની સામે ભારત સર્વિસ સ્ટેશન પાસે દાણીલીમડા અમદાવાદ શહેરનાને શાહઆલમ અમ્મા મસ્જીદની સામે નવાબનગરના છાપરાના નાકેથી આજરોજ તા.૦૨/૦૩/૨૦૨૧ ના કલાક ૨૩/૦૦ વાગે પકડી પાડવામા આવેલ છે તા.૦૨/૦૩/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૦૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૧૬૩ લીટર દેશી દારૂ, ૧૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૦૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૪૦૨/૨૦૨૧**

"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ નગીનભાઈ ગેમરભાઈ પરમાર (ઉ.વ.૩૦) (રહે.છગનભાઈ રબારીના છાપરાં ખોડીયારનગર બહેરામપુરા) તા.૦૨/૦૩/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે વિશાલાથી નારોલ તરફ જતા શાસ્ત્રીબ્રિજ વચ્ચેથી લોડીંગ રિક્ષા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે આઈવા ટ્રક નંબર જીજે ૨૭ ટી ૮૭૧૫ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી નગીનભાઈની રિક્ષાને પાછળથી ટક્કર મારતા રિક્ષા ઉંધી પડી જતા નગીનભાઈને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાજના ૫/૫૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર નગીનભાઈના ભાઈ નરભેરામ પરમારે "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એન.પરમાર ચલાવે છે.

ચોથા માળથી પડી જતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૪૦૩/૨૦૨૧**

ગુજરાત યુનિવર્સીટીઃ સલામતુલ્લા અમાનતુલ્લા શેખ (ઉ.વ.૪૨) (રહે.ગણેશકુંજ સોસાયટી, ધરણીધર દેરાસર પાસે, અંજલી) તા.૦૨/૦૩/૨૦૨૧ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે ગુલબાઇ ટેકરા આદીત્ય ફ્લેટ પટેલ સોસાયટી ખાતે ઝુલ્લા ઉપર કલર કામ કરતા હતા ત્યારે ઝુલ્લાનુ દોરડુ તુટી જતા બિલ્ડીંગના ચોથા માળથી પડી જતા, માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આઈ.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૦૪/૨૦૨૧**

સરદારનગરઃ મોહનભાઇ કિશનભાઇ રાજગોર (ઉ.વ.૬૦) (રહે."બી" વોર્ડ, છારાનગર રોડ, સત્યનારાયણ દુધ ઘર પાસે, કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૩/૨૦૨૧ કલાક ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અજીતસિહ છગનસિહ ચલાવે છે.

વટવાઃ પરવીનબાનુ વા/ઓ અબ્દુલસતાર શેખ (ઉ.વ.૩૪)(રહે.સદભાવના ચાર માળીયા, વટવા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૩/૨૧ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના બ્લોકના ધાબા ઉપરથી પડતુ મુકતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં કલાક ૦૦/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

કાગડાપીઠઃ ભાવેશભાઇ ધનજીભાઇ રાઠોડ (ઉ.વ.૨૨) (રહે.બળદેવનગરની ચાલી, મજુરગામ પાસે, ગીતા મંદીર રોડ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૩/૨૦૨૧ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ધાબા ઉપર લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રમોદભાઇ નટવરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી